# ત્રણ સંતાનોને લઈને માતાએ કેનાલમાં મોતની છલાંગ લગાવી

### માતાનું મૃત્યુ : બે દિકરી સહિત ત્રણેય સંતાનોને સિકયુરીટી ગાર્ડે બચાવી લીધા : ચોથું સંતાન મોટી દિકરીને ઘરે રાખી હતી : આપઘાતનું કારણ અકબંધ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકા વિસ્તારમાં આવેલા નાના વટના મુવાડા ખાતે રહેતી ચાર સંતાનોની માતા પોતાના ફુલસમા ત્રણ સંતાનોને લઈને આજે સવારે રાયપુર નર્મદા કેનાલ દોડી આવી હતી અને કેનાલના પાણીમાં મોતની છલાંગ લગાવી હતી. કેનાલ સિકયુરીટી ગાર્ડનું ધ્યાન કેનાલમાં પડેલા ચાર જિંદગી ઉપર પડતા તે કેનાલમાં કુદી પડયો હતો અને બે દિકરી સહિત ત્રણેય સંતાનોને કેનાલમાંથી બહાર કાઢી બચાવી લીધા હતા જયારે ડુબી જવાથી ત્રણેયની માતાનું મૃત્યુ નિપજયું હતું. સંતાનોને લઈને કેનાલમાં કુદી આપઘાત કરનાર મહિલાનું આપઘાતનું કારણ શોધવા ડભોડા પોલીસે તપાસ શરુ કરી છે.

દહેગામ તાલુકાના નાના વટના મુવાડા વિસ્તારમાં રહેતા રવાભાઈ ભરવાડ પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેમના ૩૫ વર્ષીય પત્નિ વનીબેન સાથેના લગ્નજીવન દરમિયાન ચાર સંતાનો છે. જેમાં ત્રણ દિકરી અને એક દિકરાનો સમાવેશ થાય છે. આજે સવારે વનીબેન એકાએક ઘરે પોતાની મોટી દિકરીને મુકીને અન્ય ત્રણેય સંતાનોને લઈને ચાલી નીકળ્યા હતાં. ૮ વર્ષનો દિકરો, ૬ વર્ષની દિકરી અને સૌથી નાની ૪ વર્ષની દિકરી ત્રણેય સંતાનોને લઈને માતા વનીબેન રાયપુર નર્મદા કેનાલ પાસે આવી પહોંચી હતી અને ત્રણેયને સાથે લઈને પુલ પરથી કેનાલના પાણીમાં પડતું મુકી દીધું હતું. કેનાલ સિકયુરીટી ગાર્ડ પ્રવિણજી ઠાકોરનું ધ્યાન તેમના પર પડતા કેનાલમાં કુદીને બચાવ કામગીરી શરુ કરી દીધી હતી. ત્રણેય સંતાનોને પાણીમાંથી બહાર કાઢીને ત્રણેયના જીવ બચાવી લઈ સિકયુરીટી ગાર્ડે પ્રસંશનીય કામગીરી કરી છે. જો કે ડૂબી રહેલી માતા વનીબેનને બચાવવાનો પ્રયત્ન કરવા છતાં બચાવી શકાઈ ન હતી અને તેણીનું મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને એએસઆઈ તખુજીએ મૃતદેહ પીએમ માટે મોકલી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

# વરસાદના આગમન સાથે જ વાવોલમાં વીજળીના ધાંધિયા

ગાંધીનગર, તા. ૧૦

વર્ષાઋતુએ અમીછાંટણા સાથે શહેરમાં પોતાનું આગમન કરી દીધુ છે. અતિશય ગરમી અને તિવ્ર ઉકળાટના માહોલમાં માટીની મહેક સાથે પ્રસરેલી ઠંડકની લહેરે નગરવાસીઓમાં રાહતની લાગણી ફેલાવી છે. પરંતુ ગુડા વિસ્તાર વાવોલમાં વીજળીના ધાંધિયા શરૂ થઈ જવાથી લોકોનો આનંદ ઓસરી જવા પામેલ છે.

રાજ્યમાં ૨૪ કલાક વીજળી હોવાના સરકારના દાવા સામે 'દિવા તળે અંધારૂ' જેવા હાલ વાવોલ વિસ્તારના રહીશોના છે. વારંવાર વીજળી વેરણ થઈ એ અહીંની રોજબરોજની સામાન્ય ઘટના બની ચુકી છે. રવિવારે સાંજે લગભગ ચાર વાગ્યાથી રાત્રિના અગિયાર વાગ્યા સુધી લાઈટો ગાયબ રહેવા પામી હતી. આજરોજ પણ વર્ષાના આગમન સાથે જ બત્તી ગુલ થઈ ગઈ હતી.

અહીંના રહેવાસીઓના જણાવ્યા મુજબ વાતાવરણમાં સહેજ વંટોળ ફુંકાતા જ પાવરકટ આવી જાય છે. વધુમાં ગોકળગાય ગતિએ ચાલી રહેલા ઉવારસદ રોડના નવીનીકરણના કાર્યથી નાગરિકો અને વાહનચાલકો ત્રસ્ત હતા જ તેવામાં જ્યારે રાત્રીના સમયે સ્ટ્રીટલાઈટો બંધ થઈ જવાથી ભયજનક પરિસ્થિતિનું નિર્માણ થાય છે. વળી, વરસાદી પાણીના ભરાવાનો કાયમી પ્રોબ્લેમ હોવાથી માખી-મચ્છરનો ઉપદ્રવ વધી રહ્યો છે ત્યારે વારંવારનો પાવરકટ નાગરિકોમાં માંદગી અને મુશ્કેલીઓમાં વધારો કરનારો બની રહ્યો છે.



ગાંધીનગરમાં ડેરી ડેવલોપમેન્ટનું રાષ્ટ્રીય અધિવેશન મહાત્મા મંદિર ખાતે મંગળવારે યોજાશે. જેની તૈયારી રૂપે પોલીસ વિભાગ દ્વારા જડબેસલાક બંદોબસ્ત ગોઠવાયો છે. તેના રીયર્સલ વખતે ઓચિંતું વરસાદી ઝાપટું થતાં પોલીસ જવાનોએ વરસાદથી બચવા ઝાડ નીચે આશરો લીધો હતો.

## ગાંધીનગર જિલ્લા ભાજપે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની નિમણૂંકને સ્વાગત સાથે વધાવી

ગાંધીનગર, તા. ૧૦

ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે થયેલી વરણીથી ભાજપ ગાંધીનગર જિલ્લા તથઆ ગાંધીનગર એકમમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે.

મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે થયેલી વરણીથી સમગ્ર ગુજરાત અને રાષ્ટ્રમાં ખુશી ફેલાઈ છે. આ પ્રસંગે ભાજપ ગાંધીનગર જિલ્લા તથા ગાંધીનગર એકમ દ્વારા રાત્રએ ૯ કલાકે ચ-૦ સર્કલ ખાતે મુખ્યમંત્રીનું ઉત્સાહપૂર્વક સ્વાગત કરવામાં આવ્યુ હતું. આ સાથે કાર્યકર્તાઓએ વંદે માતરમ અને ભારત માતા કી જય ના નારાથી મુખ્યમંત્રીને ફૂલહાર અને આતશબાજી સાથે વધાવી લીધા હતા. આ પ્રસંગે પ્રદેશ ઉપાધ્યક્ષ અને અનુસૂચિત જનજાતિ મોરચાના રાષ્ટ્રીય સદસ્ય રમીલાબેન બારા, ધારાસભ્યો અશોકભાઈ પટેલ, શંભુજી ઠાકોર, મેયર મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન આશિષ દવે, ડેપ્યુટી મેયર સુભાષ પાંડવ, મહાનગરના અધ્યક્ષ રૂચિર ભટ્ટ, જિલ્લાના અધ્યક્ષ નૈલેષ શાહ, મહાનગરના તેમજ જિલ્લાના પદાધિકારીઓ અને કોર્પોરેટર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સી.એમ. હાઈસ્કૂલનું ધો. ૧૧ સાયન્સનું ૯૮.૨૬ ટકા પરિણામ

ગાંધીનગર શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલના ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહના બીજા સેમિસ્ટરનું પરિણામ ૯૮.૨૬ ટકા આવ્યું છે. શાળાની વિદ્યાર્થી દિપ કાપડિયા ૯૦.૬૬ ટકા સાથે શાળામાં એ-૧ ગ્રેડ સાથે પ્રથમ આવ્યો છે. શાળાના ૨૩ વિદ્યાર્થીઓ એ-૨ ગ્રેડ સાથે ઉત્તિર્ણ થયા છે. જેમાં ગૂંજન રામાણી ૮૯ ટકા, ફેનીલ પટેલ ૮૮.૬ ટકા, સાહિલ કુરેશી ૮૭.૮, રીમા પટેલ ૮૭.૬ ટકા, કાજલ પટેલ ૮૬ ટકરા, કેયૂર પંડ્યા ૮૫.૮૭ ટકા, સાહિલ પરમાર ૮૫.૪ ટકા, રોશની પટેલ ૮૪.૬ ટકા, પાર્થ પટેલ ૮૪.૪ ટકા, અનિષ પટેલ ૮૩.૬ ટકા, સ્મિત પટેલ ૮૩.૨ ટકા, પલ્લવ બોરીસાગર ૮૩ ટકા, ફોરમબેન પટેલ ૮૩ ટકા, સાગર ચૌહાણ ૮૨.૮ ટકા, રીંકલબેન ગોહિલ ૮૨.૬ ટકા, ભૂમિ પટેલ ૮૨.૪ ટકા, સાથે પાસ થતાં શાળાના આચાર્યએ અભિનંદન પાઠવ્યા હતા.

# વિદ્યાર્થી પાસ માટે ડેપોમાં બે નવા કાઉન્ટર શરૂ કરાયા

### શાળા કક્ષાએ પાસ ઉપલબ્ધ થાય તેવી પણ વ્યવસ્થા

ગાંધીનગર, તા.૧૦

નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે વિદ્યાર્થીઓને સમયસર અને ઝડપથી એસ.ટી.નો સ્ટુડન્ટ પાસ ઉપલબ્ધ થાય તે માટે ડેપોમાં પાસ ઈશ્યુ કરવા નવા બે કાઉન્ટર શરુ કરી દેવાયા છે. જયારે વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ શાળા કક્ષાએથી જાણ કરવામાં આવશે તો ડેપો કક્ષાએથી શાળામાં જ વિદ્યાર્થીને પાસ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

શાળા-કોલેજો શરૂ થતા નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે વિદ્યાર્થીઓને જરુરી વાહન વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે માટે એસ.ટી. તંત્ર દ્વારા આયોજન કરી દેવાયું છે. જયારે નવા શૈક્ષણિક સત્રની શરૂઆતમાં એસ.ટી. બસની સેવા માટે પાસ કઢાવવા પણ વિદ્યાર્થીઓએ કતારમાં સમય બગાડવો પડે છે. જયારે આ સ્થિતિને ધ્યાને લઈ એસ.ટી. ડેપો દ્વારા ડેપોમાં નવા બે પાસ કાઉન્ટર કાર્યરત કરી દેવાયા છે. ડેપો મેનેજરના જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓને સમયસર અને ઝડપી લાભ મળી રહે તે માટે ઉઘડતા સત્રએ પાસ કાઉન્ટરની સંખ્યા વધારી દેવાઈ છે. આ ઉપરાંત પાસ ઈચ્છુક વધુ વિદ્યાર્થીઓને ધ્યાને લઈ શાળા કક્ષાએથી જો ડેપો તંત્રને જાણ કરવામાં આવશે તો વિદ્યાર્થીઓને શાળામાં જ પાસ ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું છે.

## દિવ્ય જીવન સંઘના હોદ્દેદારો નિમાયા

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખાની વાર્ષિક સાધારણ સભા તાજેતરમાં યોજાઈ હતી. સ્વામી ગોપાલાનંદ સરસ્વતીજી મહારાજના અધ્યક્ષ પદે તાજેતરમાં દિવ્ય જીવન સંઘ ગાંધીનગર શાખાની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. બેઠકમાં પ્રમુખ તરીકે સી.એમ. ગોહિલ અને માનદ્ મંત્રી તરીકે બી.ડી. કાજરેકરની પુનઃ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. ઉપપ્રમુખ તરીકે એ.એન. દવે અને ડૉ. કે.એસ. પટેલ, કોષાધ્યક્ષ તરીકે કે.કે. રાવલ અને સંયુક્ત મંત્રી ડી.આર. પટેલ, દર્શન ઠાકરની વરણી થઈ હતી. સલાહકાર સમિતિના અધ્યક્ષ તરીકે સ્વામી ગોપાલાનંદ સરસ્વતીની વરણી થતાં સભ્યોમાં આનંદ છવાઈ ગયો હતો.

# રાંદેસણ વિસ્તારમાં બેરોકટોક રેતીની ચોરીથી ગ્રામજનોમાં આક્રોશ

### નદી કિનારે રેતીની ઉઠાંતરી કરતી ટ્રકોની કતાર : ગેરકાયદેસર પદ્ધતિને ડામવા ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે

ગાંધીનગર, તા. ૧૦

રાંદેસણ વિસ્તારમાં રેતીની ચોરી કરતા ભૂમાફીયાઓ હરકતમાં આવતા સ્થાનિક ગ્રામજનોમાં આક્રોશ ભભૂક્યો છે. ગામની આસપાસના વિસ્તારમાં ખોદાણ કરી ગેરકાયદેસર રીતે રેતીની ઉઠાંતરી થાય છે. રેતી ભરીને જતી ટ્રકોની કતાર લાગે છે. આમ છતાં ગેરકાયદેસર રીતે રેતી ભરીને જતા ટ્રકચાલકો સામે જવાબદાર તંત્ર પણ આંખ મિંચામણા કરતા આ મામલે યોગ્ય તપાસ હાથ ધરવામાં નહીં આવે તો ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

રાંદેસણ ગામના અગ્રણી એમ.એમ. ગોહિલે આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર રાંદેસણ ગામ તરફ નદીના પટમાંથી રેતી ચોરવાની બદી ફૂલી ફાલી છે. રાંદેસણ ગામની સરકારી પડતર જમીનમાંથી પણ રેતીની ઉઠાંતરી કરતા ટ્રકચાલકોની કતાર લાગે છે. નદી કિનારે કતારમાં ઉભેલી ટ્રકોના ચાલકોને પણ ગામના આગેવાનોએ પુછતાછ કરી હતી.

આ દરમિયાન તેમની પાસે કાયદેસર કાગળો ઉપલબ્ધ ન હોવાની સાથે હદ-નિશાન પણ નક્કી ન હોવાનું ધ્યાને આવ્યું હતું. પાવતી વગર ટ્રકમાં રેતી ઠાલવી લઈ જતા ટ્રકચાલકોની સંખ્યા પણ વિશેષ છે. રાંદેસણ વિસ્તારમાં રેતી ચોરીનું દૂષણ વધતા ગામની જમીનને પણ નુકશાન થાય તેવી વકી છે. ગામના આગેવાનો શંકરસિંહ ગોહીલ, પોપટજી હેમતુજી ગોહિલ, રાજેન્દ્રસિંહ વાઘેલા, ચંદુજી ગોહિલે ખાણ-ખનીજ વિભાગને યોગ્ય તપાસ હાથ ધરવા જણાવ્યું છે. આ મામલે તટસ્થ તપાસ નહી કરવામાં આવે તો ગ્રામજનો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

## સેક્ટર-૨૬ કિસાનનગરમાં આજે સુંદરકાંડનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

સુંદરકાંડના સંગીતમય પાઠનું ગાન સંજય ભારતી ગૌસ્વામીની વ્યાસપીઠે તા. ૧૧મી જૂનનાં રોજ રાત્રે ૮ વાગે કિસાનનગર સેકટર-૨૬, પ્લોટ નં. ૪૧૮/૨ આગળ ચોકમાં વસાહતી ભાઈઓ દ્વારા રાખવામાં આવેલ છે.

## સેક્ટર-૨બીમાં આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૧૦

પૂ. ભાવનાબેન ગોકલાણીનો આનંદનો ગરબો તા. ૧૧મી જૂન રોજ બપોરે ત્રણ વાગે પ્લોટ નં. ૧૩૪૯/૧, સેક્ટર-૨બી, શાન્તાબેન રણછોડભાઈ પટેલના ત્યાં યોજાશે.


# દિકરાનાં લગ્નનાં દાગીના તસ્કર ટોળકી ઊઠાવી ગઈ

### ચિલોડાના પૂનમ બંગ્લોઝમાં રહેતા શાળાના ટ્રસ્ટી પરિવાર સાથે રાત્રે ઘર આંગણે નિંદ્રાધીન હતા ત્યારે પાછળની બારીની ગ્રીલ તોડીને તસ્કરો રૂ. ૧.૯૬ લાખની મત્તા ચોરી ગયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક ચિલોડા ખાતે આવેલા પૂનમ બંગ્લોઝમાં રહેતા શાળાના ટ્રસ્ટી ગઈ રાત્રે પરિવાર સાથે ઘર આંગણે સુતા હતા તે દરમિયાન બંગલાના પાછળના ભાગે સ્થિત બારીની ગ્રીલ તોડીને તસ્કરો બંગલામાં ઘુસ્યા હતાં અને તિજોરીમાં મુકેલા દિકરાના લગ્નમાં ખરીદેલા તથા આવેલા સોના-ચાંદીના દાગીના તથા રૂ.૧૫ હજાર રોકડા મળીને રૂ. ૧.૯૬ લાખની મત્તા ઉઠાવી તસ્કર ટોળકી પાછળના ખેતરોમાંથી ફરાર થઈ ગઈ હતી. ડૉગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમની મદદ લઈ ચિલોડા પોલીસે ટ્રસ્ટી મકાન માલિકની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી તપાસનો દૌર શરુ કર્યો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર નજીકનાં ચિલોડા-દહેગામ રોડ પર સ્થિત પૂનમ બંગ્લોઝ ચિલોડાના બગલા નં. ૧૮માં રહેતા અતુલકુમાર અમૃતલાલ રાવલ શાળાના ટ્રસ્ટી છે. ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કુલની



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)



બાયડ તાલુકા વિસ્તારમાં આ સ્કુલની બીજી બ્રાન્ચ શરુ થઈ હોવાથી અતુલકુમારના ભાઈ એડમીશન પ્રક્રીયા માટે બાયડ હતાં. અતુલભાઈ અને તેમની પત્ની ગઈ કાલે રાત્રે બંગલાની બહાર આંગણે સુતા હતાં. પુત્રવધુ બંગલાના બીજા માળે સુતા હતાં. તેમનાં પુત્રના લગ્ન સપ્ટેમ્બર ૨૦૧૨માં થયા હતાં ત્યારે ખરીદેલા અને આવેલા સોના ચાંદીના દાગીના તેમણે બંગલામાં જ તિજોરીમાં સાચવીને મુકયા હતાં. જે બેંક લોકરમાં મુકવાની ઘણાં સમયથી વિચારણા કરતા હતા પરંતુ પાંચ મહિનામાં બહેન તથા પિતાના મૃત્યુ જેવા દુઃખદ પ્રસંગોનો સામનો કરનાર અતુલભાઈ સંજોગોને કારણે બેંક લોકરમાં દાગીના મુકવા જઈ શકયા ન હતાં. દરમિયાન ગઈ કાલે રાત્રે તેમના બંગલાને તસ્કરોએ નિશાન બનાવી બંગલાની પાછળની બારીની ગ્રીલ તોડીને અંદર ઘુસી તિજોરીમાંથી રૂ. ૧૫ હજાર રોકડા તથા સોના ચાંદીના દાગીના મળીને રૂ. ૧,૯૬,૫૦૦ની કિંમતની મત્તા ચોરીને તસ્કર ટોળકી બંગલાનો પાછળનો દરવાજો ખોલીને રફફુચક્કર થઈ ગયા હતાં. ડૉગ સ્કવોર્ડ આવી ત્યારે ડૉગ ખેતરો બાદ રોડ સુધી પહોંચીને ઉભો રહી જતાં તસ્કરો રોડ પાસે વાહન મુકીને આવ્યા હોવાની શંકા સેવાઈ છે. ચિલોડા પોલીસે આ ઘરફોડનો ગુનો દાખલ કરીને તસ્કરો સુધી પહોંચતા તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.



# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.૧૧

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૬ ટકા ● સાંજે ૭૩ ટકા
વરસાદ ૫.૫ મી.મી.

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
યે જવાની હૈ દિવાની : ૮.૫૦, ૩.૨૦, ૬.૩૫, ૯.૫૦
યમલા પગલા દિવાના ૨ : ૧૨.૫

: સ્ક્રીન-૨ :
યમલા પગલા દિવાના ૨ : ૮.૫૦, ૩.૦૫, ૯.૩૫
યે જવાની હૈ દિવાની : ૧૧.૫૦
આફ્ટર અર્થ (હિન્દી) : ૬.૨૦

: સ્ક્રીન-૩ :
આફ્ટર અર્થ (હિન્દી) : ૧૦.૨૦, ૩.૦૫
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૨.૩૫
યમલા પગલા દિવાના ૨ : ૫.૨૦
યે જવાની હૈ દિવાની : ૮.૩૫

: સ્ક્રીન-૪ :
યમલા પગલા દિવાના ૨ : ૯.૩૫, ૧૨.૫૦, ૭.૨૦
યે જવાની હૈ દિવાની : ૪.૦૫
આફ્ટર અર્થ (હિન્દી) : ૧૦.૩૫

### સૂર્યા, વાવોલ

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રામદાસ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
યમલા પગલા દિવાના ૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
યે જવાની હૈ દિવાની : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
યમલા પગલા દિવાના ૨ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
યે જવાની દીવાની : ૧.૦૦, ૭.૦૦

### ચિરાગ, કલોલ

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : સંચિત ધનમાં વૃદ્ધિ થશે. ભાગ્યવર્ધક યાત્રાઓનું આયોજન થશે. ધાર્મિકક્ષેત્રમાં વિશેષ યાત્રાની સંભાવના છે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે.

**વૃષભ** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. ભાગ્યવર્ધક કાર્યોથી લાભ પ્રાપ્તિ થઈ શકશે. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ ઉત્પન્ન થઈ શકે છે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : કોઈ નામી વ્યક્તિથી મુલાકાત થશે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

**કુંભ** : પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. કંચનબા ચંદુભા વાઘેલા (ઉ.વ. ૬૨) પ્લોટ નં. ૧૩૬૧/૨, સેકટર-૪/સી, ગાંધીનગર.
- સ્વ. જીતુભાઈ ગોરધનભાઈ સરાણીયા (ઉ.વ. ૬૦) ચરેડીના છાપરાં, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન નટવરલાલ શર્મા (ઉ.વ. ૮૦) પ્લોટ નં. ૩૦૩/૨, સેકટર-૨/બી, ગાંધીનગર.
- સ્વ. વર્ષાબેન મહેશકુમાર શાહ (ઉ.વ. ૫૬) બ્લોક નં. ૪૫૧/૨, સેકટર-૧૨/બી, ગાંધીનગર.